**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૪ ફેબ્રુઆરી ૨૦૦૯**

## રેલ્વે પ્રવાસીઓનાં રોષ માટે રેલ્વે પ્રધાનજ જવાબદાર – રામ નાઈક

**મુંબઇ,બુધવાર :** "મુંબઈનાં રેલ્વે પ્રવાસીઓના રોષ માટે રેલ્વે પ્રદાન શ્રી લાલૂપ્રસાદ ની લાગણીશૂન્યતા અને સંવાદહીનતા જ જવાબદાર છે," આ મુજબની પ્રતિક્રિયા માજી રેલ્વે રાજયપ્રધાન (સ્વતંત્રપ્રભાર)શ્રી રામ નાઈકે કરી છે.

બોરીવલી રેલ્વે સ્ટેશન પર આજે ત્રાસી ગયેલાં પ્રવાસીઓએ કરેલ સ્વયંભૂ આંદોલન સંદર્ભે પ્રતિક્રિયા વ્યકતકરતી વેળાં શ્રી રામ નાઈક આગળ બોલ્યાં હતાં કે," પ્લેટફોર્મ ક્ર.૭ અને ૮ પર ટ્રેન માટે પ્રવાસીઓને ખાસ્સું ચાલવું પડે છે.અપેક્ષિત ટ્રેન રદ્દ થયાં બાદ અથવા અચાનક પ્લેટફોર્મ ક્રમાંક બદલાયા બાદ પ્રવાસીઓનો રોષ ભભૂકી ઉઠે છે.આજે મુસાફરોની સહનશીલતા હદ પાર કરી ગઈ,અને ધરબાયેલો જવાળામુખી ચેતનવંતો બન્યો.ચારલાઇનની રેલ્વે લાઈન થવા છતાં મુસાફરો સંતોષપ્રદ સેવાઓ મળતી નથી. રેલ્વે પ્રવાસીઓનાં વિવિધ પ્રશ્નો માટે રેલ્વે પ્રવાસી સંઘટનાએ જ નહીં પણ માજી રેલ્વે પ્રધાન તરીકે મેં પણ સમયાંતરે રેલ્વે પ્રધાનની મુલાકાત માંગી.પત્રો પાઠવ્યાં .છતાંયે રેલ્વે પ્રધાનને સમય મળતો નથી.તે સિવાય પશ્ચિમ રેલ્વે નાં મહાવ્યવસ્થાપક પણ પાછલાં બે વર્ષ થી સતત બદલાતાં રહ્યાં છે.તેના કારણે પશ્ચિમ રેલ્વે ના મુસાફરોની વિતકગાથા સાંભળનારાં કોઈ માઈબાપ નથી તેવી સ્થિતી નિર્માણ થઈ છે.આજનું આંદોલન એ તેના પરની પ્રવાસીઓની સંતપ્ત પ્રતિકિયા છે."

**(કાર્યાલય સચિવ)**